ધી જામનગર પીપલ્સ કો-ઓપરેટીવ બેંક લી.-જામનગર.
રજી.ઓફીસ : વી.ડી.બારદાનવાલા રોડ, ગ્રેઈન માર્કેટ, જામનગર-૧ ફોન : (૦૨૮૮) ૨૬૬૪૦૦૬, ૨૬૬૪૦૦૭



# - :: વાર્ષિક સાધારણ સભાની નોટીસ :: -

આથી બેન્કના સર્વે સભાસદોને જણાવવાનું કે, બેન્કની ૪૦ મી વાર્ષિક સાધારણ સભા તા. ૦૯-૦૭-૨૦૨૩ને રવીવારના રોજ સવારે ૧૦-૦૦ કલાકે જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ-ઈન્ડસ્ટ્રી, ધીરૂભાઈ અંબાણી વાણિજય ભવન, સુભાષબ્રીજ નજીક, જામનગર - રાજકોટ હાઈ-વે,જામનગર ખાતે નીચે દર્શાવ્યા મુજબની કાર્યવાહી માટે મળશે, તો આપશ્રીને સમયસર હાજર રહેવા વિનંતી છે.

## -:: એ જ ન્ડા ::-

(૧) તા. ૨૬-૦૬-૨૦૨૨ ના રોજ વર્ષ ૨૦૨૧ - ૨૦૨૨ ની મળેલ સાધારણ સભાની મીનીટસને વંચાણે લેવા.

(૨) વર્ષ ૨૦૨૨ -૨૦૨૩ ના કામકાજનો અહેવાલ તથા તા. ૩૧-૦૩-૨૦૨૩ ના રોજ પુરા થતાં વર્ષના ઓડિટેડ વાર્ષિક હિસાબો, ઓડીટર્સ રીપોર્ટ વિગેરેની નોંધ લેવા.

(૩) ૨૦૨૨ - ૨૦૨૩ ના વર્ષના ચોખ્ખા નફા રૂા. ૪,૨૦,૮૮૯-૭૭ ની બોર્ડ ઓફ ડીરેકટર્સે કરેલ ભલામણ મુજબની ફાળવણી મંજુર કરવા બાબત.

(૪) બેન્કના મુદતવિતિ બાકીદારો પાસેથી કરેલ વસુલાતની નોંધ લઈ, બહાલી આપવા બાબત.

(૫) બેન્કના કન્કરન્ટ ઓડીટર, સ્ટેચ્યુટરી ઓડીટર તથા C.E.O. ની કરેલ નિમણૂંકને બહાલી આપવા બાબત.

(૬) બાયલોઝમાં જરૂરી સુધારા - વધારા કરવા બાબત.

(૭) ચેરમેનશ્રી અગર તેમની મંજુરીથી જે કંઈ રજુઆત થાય તેની ઉપર વિચારણા કરી યોગ્ય નિર્ણય લેવા અંગે.

બોર્ડ ઓફ ડીરેકટર્સની સુચનાથી
અતુલ એસ. શાહ
C.E.O.

જામનગર.
તારીખ : ૨૨-૦૬-૨૦૨૩

નોંધ :-

(૧) જો કોરમના અભાવે સભા મુલત્વી રહેશે તો પેટા નિયમની જોગવાઈ અન્વયે મુલત્વી રહેલ સભા અડધા કલાક બાદ તે સ્થળે મુળ સભાએ કરવાના કામો માટે મળશે જેને કોરમનો બાધ રહેશે નહીં.

(૨) સભાસદ સિવાયની અન્ય વ્યકિતને સભામાં પ્રવેશ કરવા દેવામાં આવશે નહીં.

(૩) સભાસદોને વાર્ષિક અહેવાલની નકલ બેન્કની કચેરીએથી કામકાજના સમય દરમ્યાન મળી શકશે.

(૪) સભાસદશ્રીઓને વાર્ષિક સાધારણ સભામાં કોઈ પ્રશ્ન પૂછવાના થતાં હોય તો બેન્કની મેઈન ઓફીસ, ગ્રેઈન મારકેટ, જામનગરને સાધારણ સભાની તારીખથી સાત દિવસ પહેલા લેખિતમાં જણાવવું જરૂરી છે, જેથી ખુલાસો આપવામાં સરળતા રહે.